EDII

Gujarat Samachar

May 19, 2026
Page No. 01
(Guj. Plus)

ઈડીઆઈઆઈના ૨૫મા પદવીદાન સમારોહમાં લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમારે કહ્યું કે,

# ઉત્તમ ઉદ્યોગસાહસિક બની નૈતિકતા સાથે કાર્ય કરવું જોઈએ



અમદાવાદ, સોમવાર

એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના ઉપસ્થિતિ રહ્યા હતા. તેઓએ સ્ટુડન્ટ્સને સંબોધતા કહ્યું કે, ડિગ્રી મળ્યા પછી પણ શીખવાની પ્રક્રિયા ચાલુ રહેવી જોઈએ. સફળ થવા વ્યક્તિએ જિજ્ઞાસા, કંઈક નવું શીખવાની ઉત્સુકતા અને વધુ સારા વ્યાવસાયિક તરીકે વિકસવાની ભાવના જાળવી રાખવી. ઉત્તમ ઉદ્યોગસાહસિક બની નૈતિકતા સાથે કાર્ય કરવું જોઈએ. પદવીદાન સમારોહમાં કુલ ૯૮ સ્ટુડન્ટ્સને પદવી એનાયત કરાઈ, જેમાં પીજીડીએમ-ઈના ૭૬, પીજીડીએમ-આઈઈવીના ૮, પીજીડીએમ-ઓનલાઈનના ૧૧ તેમજ ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (એફપીએમ)ના ૩, જ્યારે પીજીડીએમ-ઈના ૩૮ તેમજ પીજીડીએમ-ઈ અને પીજીડીએમ-આઈઈવીના ૪૬ સ્ટુડન્ટ્સે ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કર્યો હતો.

પદવીદાન સમારોહમાં ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તેમજ આઈડીબીઆઈ બેંક લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એન્ડ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રાકેશ શર્માએ કહ્યું કે, અસ્થિરતા, અનિશ્ચિતતા, જટિલતા અને અસ્પષ્ટતાથી ભરેલી આ દુનિયામાં બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ થવાની ક્ષમતા હવે વિકલ્પ નહીં પરંતુ અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે.